

## જન્મદિને વધામણી



**અરૂણબેન ગજ્જર**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ કારોબારી સભ્ય, જ્યોતિ મહિલા મંડળ, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪



**જયંતકુમાર ભટ્ટ**
ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ



**દીપકભાઈ આર દવે**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા



**હસુમતી બચુભાઈ સુરતી**
(૯-૯-૧૯૩૯) ફોન : ૨૩૨૨૪૩૩૫



**રમણલાલ પુરૂષોત્તમદાસ પંચાલ**
(૯-૯-૧૯૪૯) મો. ૯૮૯૮૬ ૮૯૩૮૯



**હફસા ફારૂક બ્લોચ**
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯

# બીકૉમના નવા વિદ્યાર્થીઓના લાખો રૂપિયા પરત આપવા ગુજરાત યુનિવર્સિટીને રજૂઆત

ગાંધીનગર, તા. ૮

બીકૉમની પ્રવેશ પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓએ બીજી વખત ખરીદેલા પીન નંબરનો ઉપયોગ થઈ શક્યો નથી અને આવા અસંખ્ય વિદ્યાર્થીઓના લાખો રૂપિયા ગુજરાત યુનિવર્સિટીમાં જમા પડ્યા છે, જે યુનિવર્સિટીએ પરત આપી દેવા જોઈએ એવી રજૂઆત નૅશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઑફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા કરવામાં આવી છે.

ઍનઍસયુઆઈના પ્રદેશ મંત્રી સુબ્હાન સૈયદે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત યુનિવર્સિટી ખાતે આ બાબતનું આવેદનપત્ર પણ સંસ્થા દ્વારા કાર્યકારી રજિસ્ટ્રાર ઍન કે જૈનને આપવામાં આવ્યું છે.

ચાલુ વર્ષે બીકૉમની ઑનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શક પુસ્તિકા તથા પીન નંબર આપવામાં આવ્યો હતો, જેની કિંમત રૂા. ૧૫૦ વસૂલવામાં આવી હતી. પરંતુ, પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા પછી યુનિવર્સિટી દ્વારા એવું ફરમાન કરવામાં આવ્યું હતું કે જે વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે તેમણે નવેસરથી બૂકલેટ ખરીદવી. પરંતુ જેમણે એકવાર બૂકલેટ ખરીદી લીધી છે તેમણે ફરી શા માટે ખરીદવી ?

આ બાબતે ફરિયાદ ઊઠી હતી ને અંતે એવું નિયત થયું હતું કે વિદ્યાર્થીઓ અગાઉ ખરીદેલ પીન નંબરનો જ ઉપયોગ કરી શકશે. પરંતુ એ પહેલાં હજારો વિદ્યાર્થીઓએ બીજીવાર બૂકલેટ ખરીદી લીધી હતી. હવે એમનાં નાણાં યુનિવર્સિટી પાસે જમા છે, જે યુનિવર્સિટીએ પરત કરી દેવા જોઈએ.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૩ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે પૈકી ઉત્તમ પ્રદર્શન કરનારા ત્રણ વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. શિક્ષક બનેલા આ વિદ્યાર્થીઓએ જેમણે ઍકાઉન્ટ્સ, આંકડાશાસ્ત્ર, મૅનેજમૅન્ટ, અર્થશાસ્ત્ર જેવા વિષયો સાથી વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. આચાર્ય તરીકેની ફરજ કૉલેજનાં જનરલ સૅક્રેટરી સુપ્રિયા દેવબર્મને બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન લાયબ્રેરીયલ શ્રદ્ધાબેન પંડ્યા અને પ્રા. દિપલબેન કોઠિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# બ્રહ્મ સમાજ દ્વારા ગરબા ક્લાસનું આયોજન

ગાંધીનગર, તા. ૮


બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ ભવન ખાતે ઓસમ ગરબા ક્લાસીસનું આયોજન કુ. દેવાંગી મહેતાના સંચાલનમાં બ્રહ્મ ભવન, સૅક્ટર-૧૬ ખાતે કરવામાં આવ્યું છે.

આગામી તા. ૧૩ ઑક્ટોબર સુધી આ ગરબા ક્લાસ ચાલશે, સમય સાંજે ૫ થી ૯ દરમ્યાનનો રાખવામાં આવ્યો છે.

બ્રહ્મ સમાજના યુવક-યુવતિઓને આ ગરબા ક્લાસમાં બેઝીક ગરબા કોર્સ તેમજ આધુનિક સ્ટાઈલના ગરબા ૩૦ ટકા જેટલી ડિસ્કાઉન્ટ ફીથી શીખવવામાં આવશે.

રસ ધરાવનારા યુવક-યુવતિઓને બ્રહ્મભવન ખાતે સાંજના સમયે દેવાંગી મહેતાનો સંપર્ક કરવા યુવા પ્રમુખ જિગર ત્રિવેદીએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી, જે પૈકી સંચાર વિષયે લૅક્ચર આપનાર કુ. હરેશ્વરી રાણાને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં જેમણે વિષયની સમજ ન માત્ર લૅક્ચરના માધ્યમથી પરંતુ જૂથ ચર્ચા અને સવાલ-જવાબોના માધ્યમથી પણ સાથી વિદ્યાર્થીઓને આપી હતી. વિભાગના સંયોજક મિતેષ મોદી તથા અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા દ્વારા કુ. હરેશ્વરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જિલ્લા સાયન્સ ડ્રામા સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન

ગાંધીનગર, તા. ૮

ગઈકાલે ગાંધીનગર ખાતે આયોજિત જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામ સ્પર્ધામાં ગાંધીનગર શહેરની બે શાળાઓ પ્રથમ બે ક્રમે વિજેતા બની હતી. આ વિજયી શાળાઓએ તેમની ટીમના સભ્ય વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

પ્રથમ ક્રમાંકે વિજયી બનનાર પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ની ટીમમાં ધોરણ-૧૦નાં વિદ્યાર્થીની નેહલ નરેશભાઈ વાઘેલા, અંકિતા પ્રવીણભાઈ વાઘેલા, દેવાંગી જયેશભાઈ પ્રજાપતિ, ભવ્ય ઘનશ્યામ રાણા, જયસિંહ ચંપકભાઈ સોલંકી તથા ધોરણ-૯ના વિદ્યાર્થી જયરાજસિંહ અનિરુદ્ધસિંહ વાઘેલા અને દેવાંગ ફકીરભાઈ પ્રજાપતિ સામેલ હતા. આ સૌ વિદ્યાર્થીઓને સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રી દ્વારા અભિનંદન પાઠવી બિરદાવવામાં આવ્યા હતા.

દ્વિતિય ક્રમે વિજેતા બનનાર જે ઍમ ચૌધરી કન્યા સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની ટીમમાં ઋતુ ચૌધરી, કિંજલ પંડ્યા, ઈશિતા બારોટ, દિવ્યા વડેખણિયા, સેજલ અમીન, માહિ પંડ્યા, જીનલ નાયી અને જહાન્વી ચૌધરી સામેલ હતા. ઊર્જાના બિનપરંપરાગત સ્ત્રોતના ઉપયોગ અંગેનું આ નાટક 'સમય વર્તે સાવધાન' રમીલાબેન ઍસ ચૌધરીએ લખ્યું હતું અને ધરાબેન પટેલે તેનું દિગ્દર્શન કર્યું હતું. આ વિજેતા વિદ્યાર્થીનીઓ, શિક્ષકોને આચાર્યા સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



સૅક્ટર-૮ ખાતે સ્થિત સૅન્ટ ઝૅવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓએ રોટરી ક્લબ ઑફ કૅપિટલ આયોજિત ચૅસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. કુશલ જાની, શિવ પટેલ, ચિનમ્ય રાવલ, સ્તુતિ જાનિ, કવન ઝવેરી, પંક્તિ પ્રજાપતિ, આયુષી શર્મા, મલ્હાર મારુ, કથન ઝવેરીએ વિવિધ કૅટેગરીમાં વિજેતા સ્થાન મેળવી ૯ શિલ્ડ પ્રાપ્ત કર્યા હતા, જેમને કોચ ગૌરાંગ રાણા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૦૦
ફૅન્ટમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પાયુમ પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૧૧.૦૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૨.૧૫, ૬.૧૫, ૧૦.૧૫
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (અંગ્રેજી)
૪.૧૫, ૮.૧૫

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
સવારે ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૯.૧૫
વૅલકમ બૅક
૧૧.૧૫, ૨.૩૦, ૪.૪૫, ૯

**સ્ક્રીન-૩**
ફૅન્ટમ
સવારે ૧૦.૨૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૧.૧૫, ૫.૩૫, ૧૧.૦૦
હિટમૅન (અંગ્રેજી)
૩.૨૫
વૅલકમ બૅક
૭.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૧૫
ફૅન્ટમ
૧.૩૦, ૪.૨૫, ૯.૩૦
હિટમૅન (અંગ્રેજી)
૭.૨૦

# અષ્ટાંગ યોગ : એક સમજ

મહર્ષિ પતંજલિએ યોગ દર્શનના પાદ-૨ના ૨૯મા સૂત્રમાં અષ્ટાંગ યોગની વાત કરી છે :

"યમ નિયામાસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન સમાધયોડષ્ટાવડ્ગાનિ"

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ... આ જે અષ્ટાંગ યોગયાત્રા. યોગ સાધના માર્ગના આ આઠ માર્ગ સ્તંભો છે. યમ, નિયમ, આસન-પ્રાણાયમની વિધિ-વ્યવસ્થા, શારીરિક-માનસિક સ્વસ્થતા, વ્યાવહારિક જીવન અને મનુષ્યના સર્વતોમુખી વિકાસ જેવી બાહ્ય સાધના માટે જરૂરી છે. પછી આંતરિક સાધનાનો ક્રમ આવે છે. પ્રત્યાહારથી સમાધિ સુધીની યાત્રા... આંતરિક સાધનાની યાત્રા.. મનને વશ કરવાની પ્રક્રિયા... જેને 'સંયમ' નામની સંબોધી છે. યોગની સિદ્ધિ માટે આ આઠેય અંગોનું પરિશીલન અનિવાર્ય ગણવામાં આવ્યું છે.


"અહિંસા સત્યાસ્તેય બ્રહ્મચર્યા પરિગ્રહાયમા:" (યોગ દર્શન પાદ-૨, સુ. ૩૦)

(પાંચ યમઃ અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય)

અહિંસા : બીજાની પીડા, દુખ, અસુવિધા અને અગવડનો ખ્યાલ રહે તેનું નામ અહિંસા. ફક્ત શબ્દાર્થથી અહિંસાનો ભાવ શોધી શકાય નહીં, તેના માટે યોગીરાજ કૃષ્ણ દ્વારા અર્જુનને આપેલ વ્યાવહારિક શિક્ષણનો આશરો લેવો પડે. તેમણે સમજાવ્યું છે કે "કષ્ટ ન આપવા માત્રથી અહિંસા થતી નથી. દુષ્ટો, દુરાચારીઓ, અન્યાયી અને અત્યાચારીઓ, પાપી અને પાજીને મારવા તે પણ અહિંસા છે. બીજાના દુખનો વિચાર આવવો અને તેનાથી કંઈ કરુણાર્દ્ર થવું તે અહિંસા."

સત્ય : જે વસ્તુ જે રૂપમાં છે તેને તે જ રૂપમાં કહેવી તે સત્ય. સત્યની આ વ્યાખ્યા અપૂર્ણ અને અસમાધાનકારક છે. સત્યને વ્યાપક અર્થમાં કહેવામાં આવે તો જેનાથી હિત થાય તે સત્ય અને જેનાથી અહિત થાય તે અસત્ય છે.

અસ્તેય : "ચોરી ન કરવી" એ અસ્તેયનો સંક્ષિપ્ત અર્થ છે. વાસ્તવિક અર્થમાં "પોતાનો વાસ્તવિક હક ખાવો" ધર્મપૂર્વક જે વસ્તુ જેટલા પ્રમાણમાં પોતાને મળવી જોઈએ તેને તેટલા જ પ્રમાણમાં લાવવી.



અપરિગ્રહ : અનાવશ્યક છે તેવી વસ્તુઓનો સંગ્રહ ન કરવો તે અપરિગ્રહ. ગાંધીજીના મતે અપરિગ્રહનો સંબંધ અસ્તેય સાથે છે. જે ચીજ ચોરીની નથી, પણ અનાવશ્યક છે તેવી વસ્તુનો સંગ્રહ કરવો તે ચોરીની વસ્તુની માફક ગણાય. ઓછામાં ઓછી જરૂરિયાતમાં જીવવું તે અપરિગ્રહ.

બ્રહ્મચર્ય : વિષય માત્રનો નિરોધ એ બ્રહ્મચર્ય છે. દરેક ઈન્દ્રિયને તેના વિકારોથી રોકવાનો પ્રયત્ન કરવો. બ્રહ્મચર્યનું પાલન મન, વચન અને શરીરથી થવું જોઈએ. જેમની ઈન્દ્રિયો પોતપોતાના વિષયોમાં દોડતી ફરતી રહે છે, તેનું મન એક જગ્યા પર રહી શકતું નથી. ઉચ્ચ ઉદ્દેશ્યમાં રસ પણ લઈ શકતું નથી. લાંબુ જીવન, નિરોગી શરીરની પુષ્ટતા, સુડોળતા, બળ, બુધ્ધિ, તેજ બુધ્ધિની પ્રખરતા વિગેરે શારીરિક લાભોનો પાયો ઈન્દ્રિય સંયમ પર રહેલો છે.

"શાચસન્તોષતપઃ સ્વાધ્યાયેશ્વર પ્રણિધાનાનિ નિયમા:" (યોગ દર્શન પાદ-૨, સુ. ૩૨)

શૌચ : શરીરની બહારની અને અંદરની શુદ્ધિ - મનની શુદ્ધિ એટલે શૌચ. 'જળથી શરીરની અને સત્યથી મનની શુદ્ધિ થાય છે.' હંમેશા શરીરને ખૂબ ઘસીને પાણીથી સ્નાન કરવું જોઈએ. પેટમાં જે મળ ઉત્પન્ન થાય છે તેનો ત્યાગ કરવો જોઈએ. આહાર વિહાર એવા રાખવા જોઈએ કે પેટમાં કબજિયાત ન રહે અને મળ ત્યાગમાં મુશ્કેલી ન પડે.

સંતોષ : ગમે તે પરિસ્થિતિમાં પ્રસન્નતા, ખુશી, આનંદ, અપ્રમાદ એટલે સંતોષ. અવિરત પ્રયત્ન કરવા છતાં પણ જે મળે તેને ઈશ્વરના પ્રસાદ તરીકે સ્વીકારવું તે સંતોષ.

તપ : જીવનમાં નિષ્ફળતા, નિરાશાઓ થકી ઉત્પન્ન થતા દુખને સહન કરવું... તપવું તે તપ. તપ એટલે આપણી મહેનત દરમિયાન ઘણી બાધાઓ-પ્રતિકૂળતાઓને ઈશ્વરીય પ્રસાદ સમજી સ્વીકારવા જેટલી શારીરિક અને માનસિક ક્ષમતા કેળવવી. તપ માણસને વધુ મજબૂત અને આંતરિક શક્તિઓને



તેજ કરે છે.



સ્વાધ્યાય : સ્વાધ્યાયનો અર્થ છે જાતે ભણવું... પોતાના વિશે ભણવું... સ્વનું અધયયન... ચેતના માટેનું અધ્યયન. આપણે કોણ છીએ ? શા માટે આ દશામાં છીએ ? શો ઉદ્દેશ્ય છે ? શું કહી રહ્યા છીએ ? શું કરવું જોઈએ ? આ પ્રશ્નોના સંબંધમાં વિવેચન એટલે સ્વાધ્યાય. ચેતના માટેનું કરી રહ્યા છીએ ? શું કરવું જોઈએ ? આ પ્રશ્નોના સંબંધમાં વિવેચન એટલે સ્વાધ્યાય. લોકો સાથેના વ્યવહારમાં, સંસારની ગતિવિધિઓમાં, વિસ્વની સમસ્યાઓ પર વિચાર કરતા રહેવું જોઈએ તે પણ એક સ્વાધ્યાય છે.

ઈશ્વર પ્રણિધાન : ઈશ્વરને પૂર્ણ સમર્પિત થઈ જવું એટલે ઈશ્વર પ્રણિધાન. ઈશ્વરને ધારણ કરવા યા ઈશ્વરને સ્થાપિત કરવા. જે કાર્ય કરવામાં આવે છે તે ઈશ્વર નિર્મિત છે અને પોતે નિમિત્ત માત્ર છે તેમ સ્વીકારવું. ઈશ્વરને પોતાની તમામ સમૃદ્ધિનું અર્પણ.

ત્રીજું અંગ છે : આસન.

"સ્થિર સુખમ્ આસનમ્" અર્થાત એક જ સ્થિતિમાં સુખેથી, આરામથી અને સ્થિરતાથી લાંબો સમય બેસી શકાય તેનું નામ આસન.

ચોથું અંગ છે : પ્રાણાયામ - પ્રાણનો આયામ.

કોઈપણ આસનમાં શાંત બેસી શકીએ એટલે ઊર્જાનો વપરાશ ઓછો થાય અને તેનાથી ઊર્જાની જરૂરિયાત ઓછી એટલે શ્વાસની જરૂરિયાત ઓછી... શ્વાસ લયબધ્ધ થતો જાય તેનું નામ પ્રાણાયામ.

પાંચમું અંગ છે : પ્રત્યાહાર.

ઈન્દ્રિયોને બહારના વિષયો, શબ્દ, સ્પર્શ ઈત્યાદિથી ખસેડીને પાછી વાળવી તેનું નામ પ્રત્યાહાર. જુદા-જુદા વિષયમાં ફરતી ઈન્દ્રિયોને તેમાંથી પાછી વાળી ઈશ્વરના સ્મરણમાં રત કરવી.

છઠ્ઠું અંગ છે : ધારણા.

બહારના કે અંદરના, સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થમાં મનને એકાગ્ર અને સ્થિર કરવાને ધારણા કહે છે. ધારણા એટલે એકાગ્રતા, મનને એક વિષય ઉપર લાંબો સમય બાંધી રાખવાની તાલીમ. મનને જોર જુલમથી વશ કરી શકાતું નથી. આથી ધારણામાં તેને કોઈ એક વિષય કે પદાર્થની આજુબાજુ ફરવાની છૂટ અપાય છે. આમ કરતાં કરતાં મન કાબૂમાં આવે છે, તેનાથી એકાગ્રતા આવે છે.

સાતમું અંગ છે : ધ્યાન.

ધારણા દ્વારા એક વિચાર કે પદાર્થ પર મનને સ્થિર કર્યા બાદ તે જ વિચાર કે પદાર્થમાં એકાકાર થવું તેને ધ્યાન કહે છે. આમ, ધ્યાન એ કોઈ પ્રવૃત્તિ નથી પણ સ્થિતિ છે. ધારણા, ધ્યાન અને સમાધિ એ એકબીજાના પૂરક છે.

આઠમું અંગ છે : સમાધિ.

ધારણા અને ધ્યાનના ફળરૂપે જે પ્રકાશ પ્રજ્વલિત થાય તે સમાધિ... મન જ્યારે પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને સંકલ્પ - વિકલ્પ રહિત થઈ કેવળ ધ્યેય સ્વરૂપમાં સ્થિત થાય છે તે અવસ્થાને સમાધિ કહે છે. ત્યારબાદ કંઈ મેળવવાનું કે જાણવાનું રહેતું નથી.

- સતીશ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

# જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સ્વચ્છતા વિષયક નાટકો મહત્તમ

ગાંધીનગર, તા. ૮

ગઈકાલે યોજાયેલી જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સ્વચ્છતા વિષયક નાટકો મહત્તમ સંખ્યામાં ભજવાયાં હતાં. તાજેતરમાં ચાલી રહેલા સ્વચ્છ ભારત અભિયાનને આ માટેનું કારણ માનવામાં આવી રહ્યું છે,.

નૅશનલ કાઉન્સીલ ઑન સાયન્સ મ્યુઝીયમ તથા નહેરૂ સાયન્સ સૅન્ટર, મુંબઈ, ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી અને નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે આ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ભાગ લેનારી ૧૧ શાળાઓ પૈકી ચાર શાળાઓએ સ્વચ્છતાનું મહત્ત્વ દર્શાવતાં નાટકો પ્રસ્તુત કર્યા હતાં.

એક શાળાએ ઊર્જાના બિનપરંપરાગત સ્ત્રોત વિશે, એક શાળાએ પ્રકાશ વિશે અને બે શાળાઓએ જમીન અને પાણીના દુરસ્તીકરણ વિશેનાં નાટકો રજૂ કર્યાં હતાં. એક ટીમે 'વૈજ્ઞાનિકનું જીવન' વિષય અંતર્ગત ડૉ. વિક્રમ સારાભાઈના જીવન ઉપર નાટકનું મંચન કર્યું હતું.

મોટાભાગનાં નાટકો સામાજિક પૃષ્ઠભૂમિ પર રજૂ થયાં હતાં પરંતુ બે નાટકોમાં રંગલા-રંગલીનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. એ જ રીતે એક નાટકે બે સૂત્રધારનો ઉપયોગ કર્યો હતો તો એક નાટકમાં ઢોલવાદન અને અન્ય એક નાટકમાં વાંસળી વાદનનો સુંદર ઉપયોગ કરવામાં આવ્યો હતો.

નાટ્ય માટે ૮ કલાકારોની મર્યાદા આપવામાં આવી હતી, તેની સામે બે ટીમોએ વધુ કલાકારો સાથેય નાટક ભજવ્યું હતું. એક ટીમમાં ૧૩ કલાકારો અને અન્ય એક ટીમમાં ૯ કલાકારો સામેલ હતા, જે બાબત નિવારવા નિર્ણાયકો દ્વારા ટકોર કરવામાં આવી હતી.

એ જ રીતે એક નાટકમાં સંવાદો સંપૂર્ણપણે રેકોર્ડેડ હતા, લાઈવ ડાયલોગ અભિનેતાઓને બોલવાના નહોતા. નિર્ણાયકોએ આમ ન થવું જોઈએ એવી સલાહ પણ સ્કૂલને આપી હતી.

## જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં ભાગ લેનારી શાળાઓ

૧. વસંત માધ્યમિક શાળા, સૅક્ટર-૧૩
૨. શેઠ ઍસ ઍમ સાર્વજનિક સ્કૂલ, સરઢવ
૩. જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭
૪. ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ, સૅક્ટર-૨૩
૫ સરકારી પ્રાથમિક શાળા, જલુંદ
૬ સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬
૭ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫
૮ ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, સૅક્ટર-૨૩
૯ ઍમ પટેલ સ્કૂલ, ડભોડા
૧૦ બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલય, સૅક્ટર-૨૮
૧૧ સંત એન્ના સ્કૂલ, કલોલ